Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૯ · તા. ૨૮ ફેબ્રુઆરી થી ૬ માર્ચ ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## સેવક ભરૂડીયા ગામે આદિનાથ જીનાલયની ૧૦ મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ

શુભદિન, મંગળવાર તા. ૧૭/૦૨/૨૦૧૫

## લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા - મુલુંડ)



મુળ નાયક આદિનાથ દાદા



સત્તરભેદી પુજા માં પરિવારજનો



અઠાર અભિષેક માં ઉર્મીલા-અશોક દંડ



ધ્વજા ની પુજા



અઠાર અભિષેક પરિવારજનો



ધ્વજાની પુજા પરિવારજનો



પ્રદિક્ષણા આપતા હેમલતા - મહેન્દ્ર દંડ



પ્રદિક્ષણા આપતા ઉર્મીલા - અશોક દંડ



પ્રદિક્ષણા આપતા સંગીતા - રાજેશ દંડ



પ્રદિક્ષણા આપતા રતિલાલ અનમ - ધવલ લાપશિયા



પ્રદિક્ષણા આપતા સંગીતા-કિશોર લાપશિયા



પ્રદિક્ષણા આપતા ભાવનાબેન-વનરાજ ધુલ્લા

For more photos visit : www.sevakbharudiatrust.in

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જીનાલયની ૧૦ મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ

શુભદિન, મંગળવાર તા. ૧૭/૦૨/૨૦૧૫

## લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા - મુલુંડ)



પ્રદક્ષિણા આપતા દિવ્યાબેન - લક્ષ્મીચંદ સાવલા



પ્રદક્ષિણા આપતા છાયા - પિયુષ દંડ



પ્રદક્ષિણા આપતા પ્રિયા - વિરલ દંડ



પ્રદક્ષિણા આપતા નીશા - ધર્મેશ લાપશિયા



પ્રદક્ષિણા આપતા પ્રિયંકા - નિખિલ ધુલ્લા



પ્રદક્ષિણા આપતા ખુશ્બુ - ચિરાગ ધુલ્લા



પ્રદક્ષિણા આપતા ચિ. હેંમાશી - પ્રિયંકા ધુલ્લા



પ્રદક્ષિણા આપતા ચિ. તરેન - દમીત લાપશિયા



પ્રદક્ષિણા આપતા ચિ. પ્રથમેશ દંડ/ચિ. પ્રિયાંક ધુલ્લા



પ્રદક્ષિણા આપતા નિતા - વિજય લોડાયા



પ્રદક્ષિણા આપતા અનિતા - જીવરાજ લોડાયા



પ્રદક્ષિણા આપતા રમિલા - મહેન્દ્ર માલદે



પ્રદક્ષિણા આપતા મણીબેન - ગોવિંદજી લાપશિયા



પ્રદક્ષિણા આપતા લક્ષ્મીબેન - કાંતિલાલ લોડાયા



પ્રદક્ષિણા આપતા તારાબેન - નવીનચંદ્ર ધુલ્લા

For more photos visit : www.sevakbharudiatrust.in

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જિનાલયની ૧૦ મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ

શુભદિન, મંગળવાર તા. ૧૭/૦૨/૨૦૧૫

## લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા - મુલુંડ)



પ્રદિક્ષણા આપતા હંસાબેન - રાયચંદ ધુલ્લા



પ્રદિક્ષણા આપતા જયંતીલાલ - ભોજરાજ ધુલ્લા



પ્રદિક્ષણા આપતા મનીષા - રાજેશ ધરમશી



પ્રદિક્ષણા આપતા ભારતી - રજનીકાંત ધરમશી



પ્રદિક્ષણા આપતા જોશના - વનરાજ માલદે



પ્રદિક્ષણા આપતા મેના - મહેન્દ્ર લોડાયા



પ્રદિક્ષણા આપતા ભાગ્યવંતી - વિનોદ લોડાયા



પ્રદિક્ષણા આપતા તૃષિકા - વિરેન્દ્ર શાહ



પ્રદિક્ષણા આપતા કાજલ - કલ્પેશ દંડ



પ્રદિક્ષણા આપતા વૈશાલી - વિમલ દંડ



પ્રદિક્ષણા આપતા સુનીલ લોડાયા - મનોજ ખોના



પ્રદિક્ષણા આપતા હીના - હિરેન શિયાલ



પ્રદિક્ષણા આપતા નીતાબેન - ભરત ધુલ્લા



પ્રદિક્ષણા આપતા હંસાબેન - તિલક ખોના



પ્રદિક્ષણા આપતા જયેશ દંડ - કાંતિલાલ ધરમશી

For more photos visit : www.sevakbharudiatrust.in

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જીનાલયની ૧૦ મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ

શુભદિન, મંગળવાર તા. ૧૭/૦૨/૨૦૧૫

## લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા - મુલુંડ)



બંધૂ ત્રિપુટી મહેન્દ્રભાઇ - અશોકભાઇ - રાજેશભાઇ



આમંત્રીત મહેમાનો



રાસ ગરબા



ધજા લહેરાવતા પરિવારજનો



રાયણ પગલા ની ધજા લહેરાવતા પરિવારજનો




સેવક ભરૂડીયા ગામે નવનિર્મિત પ્રવેશદ્વાર




પ્રવેશ દ્વાર નું ઉદ્દઘાટન વખતે માંગલીક




પ્રવેશ દ્વાર નું ઉદ્દઘાટન કરતા પરિવારજનો



જાહેરપીર દાદાને સોળ ધજા ઓઢાળતા પરિવારજનો







શ્રી વનરાજ દામજી ધુલ્લા પરિવારનો નુતનગૃહ પ્રવેશ અને નુતનગૃહમાં શાંતિકળશ



સરપંચ શ્રી કલ્પેશ ભાઇ દંડનુ સન્માન કરતા પરિવારજનો



ખુશ ખુશાલ પરિવારજનો તથા આમંત્રિત મહેમાનો

For more photos visit : www.sevakbharudiatrust.in

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જીનાલયની ૧૦ મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ

પાવન નિશ્રા પૂ. સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી તથા પૂ. સાધ્વીશ્રી વૃતરક્ષિતાશ્રીજી મ. સા.



## ૧૦ મી ધ્વજાના કાયમી લાભાર્થી પરિવાર
## માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર
## (સેવક ભરૂડીયા - મુલુંડ)



શ્રી સેવક ભરૂડીયા - હાલાર સ્થાને બિરાજમાન શ્રી આદેશ્વરદાદા જીનાલયની તા. ૧૭/૦૨/૨૦૧૫ ના દસમી ધ્વજા રોહણ પ્રસંગે ભવ્યતી ભવ્ય મહોત્સવનો કાર્યક્રમ ૧૫૦ થી વધારે ગામવાસીઓ, નિયાણી બહેનો, સગાસંબંધીઓ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં અઠાર અભિષેક અને ૧૭ ભેદી પૂજાસહ દબદબાપૂર્વક સંપન્ન થયો. આ મહોત્સવ પ્રસંગે શ્રી સેવક ભરૂડીયા ગામની પવિત્ર ભૂમી ઉપર અચલગચ્છ સંઘના પ. પૂ. સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી તથા સાધ્વીશ્રી વૃતરક્ષિતાશ્રીજી મ. સા. આદિ ગુરૂ ભગવંતોની પાવનનિશ્રાથી સેવક ભરૂડીયા ગામની ધરા ધન્ય થઇ.

સતત દસમા વર્ષે આ પરિવાર દ્વારા તા. ૧૭/૦૨/૨૦૧૫ ના રોજ ધ્વજા મહોત્સવ ઉજવવામાં આવ્યો. શાહી ઠાઠ સાથે ફક્ત પરિવાર જનોનેજ નહી પરંતુ આમંત્રિત મહેમાનો ને પણ મુંબઈથી લઈ જવાના અને પરત લાવવાના અને સાથે સાથે પાલીતાણાની જાત્રા, જલારામ બાપાના દર્શન તેમજ દડવા મુકામે રાંધલમાંના દર્શન.  ખરેખર મહેન્દ્રભાઈ, અશોકભાઈ તેમજ રાજુભાઈ અને પરિવારજનો દ્વારા ખૂબજ જહેમત અને કાળજી લઈ આ પ્રસંગ ઉજવવામાં આવે છે. જેમા મુંબઈ વાસીઓ તેમજ સ્થાનિક ગામવાસીઓ પોતાનો તમામ સહયોગ આપે છે અને પ્રસંગ ખૂબજ ધામધૂમથી ઉજવાય તેની ચીવટ લે છે.

ગયા વર્ષે આ પરિવારજનો દ્વારા પોતાના વડિલોની સ્મૃતી કાયમ રહે તે માટે ગામના પાદરે એક કલાત્મમ ગેટ બનાવવાનો આદેશ લેવામાં આવ્યો. ફક્ત એકજ વર્ષના ગાળામાં ગામવાસીઓ તેમજ ગામના યુવા સરપંચ શ્રી કલ્પેશ દંડના સહયોગથી અને શ્રીમતી ભાવનાબેન અને શ્રી વનરાજ દામજી ઘુલ્લાની અથાગ મહેનતથી આ પ્રવેશદ્વારનું કામ પુરૂં કરવામાં આવ્યું અને તા. ૧૬/૦૨/૨૦૧૫ ના રોજ ઉદઘાટન કરવામાં આવ્યું.

આવતા વર્ષે દેરાસરજી ૧૧ મી વર્ષગાંઠ હોય પરિવારે આ પ્રસંગને ખૂબજ ધામધૂમપૂર્વક બે દિવસીય મહોત્સવ સાથે ઉજવવાનું નક્કી કરેલ જેની તૈયારી અત્યારથીજ શરૂ કરી દેવામાં આવેલ છે તો ચાલો આપણે રાહ જોઈએ સરસ ૧૧ મા ધ્વજા મહોત્સવની.

આ મહોત્સવ પ્રસંગે આમંત્રણને માન આપીને પધારનાર સૌ ગામવાસિઓ, આમંત્રિત મહેમાનો તેમજ સ્નેહીજનોનો પરિવાર આભાર વ્યક્ત કરે છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન અમારાથી કાંઇ પણ ક્ષતી રહી ગઇ હોય તો અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ!

**લી.**

**શ્રી ક.દ. ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ તથા**
**માતુશ્રી નવલબેન મણિલાલ પદમશી દંડ પરિવારના સબહુમાન પુર્વક જય જીનેન્દ્ર**

For more details and photos visit : www.sevakbharudiatrust.in

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 09/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# અનંત યુવા શક્તિના પાંચ વર્ષનું મુલ્યાંકન

ધ કચ્છી દશા ઓસવાલ વર્લ્ડના તા ૧૬ થી ૩૦ નવેંબરના અંકના આઠમા અને નવમા પાના પર '**અનંત યુવા શક્તિના પાંચ ઝળહળતા વરસોની ઝલક**' શિર્ષક હેઠળ અનંત યુવા શક્તિ પોતે પાંચ વરસમાં જ્ઞાતિને પ્રગતિશાળી અને વધુ સક્ષમ બનાવી છે તેવા દાવા સાથે આ કાર્યોની પોઝીટીવ અસર વિશે રસપ્રદ અવલોકન કરવામાં આવ્યું છે. અનંતયુવા શક્તિની સ્થાપના માત્ર કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના ઈતિહાસમાં જ નહીં ભારતીય સમુદાયોના ઈતિહાસમાં સ્થાન પામે તેવો પ્રયોગ છે/હતો એ નિર્વિવાદ વાત છે.

તેને માત્ર કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ સમસ્તનો નહીં પણ બૃહદ ભારતીય સમુદાય સ્તરનો પ્રયોગ ગણાય તેના કારણો આ રહ્યા: બહુ ઓછા સમુદાય આટલો વધો વિશ્વાસ મૂકીને પોતાના યુવાનોને છૂટો દોર આપતા હશે (જે અનુભવ થયા છે તેના પ્રકાશમાં કહીએ તો જ્ઞાતિએ પૂરેપૂરું જોખમ લઈને આ સામાજિક પ્રયોગ કર્યો.)

સામાન્ય રીતે યુવાનોને લડત આપીને જ આગળ આવવું પડે છે તેને બદલે લગભગ બધા જ વગદાર જ્ઞાતિ આગેવાનોએ આ પ્રયોગને સમર્થન આપ્યું એટલે તેમણે લડત આપવી ન પડી એ તો ઠીક પોતાની જવલંત જીતનો અહંકાર પણ તરત જ માથે ચડી ગયો.

બહુ ઓછા સમુદાયોમાં એવું બનતું હશે કે દાતાઓ નવી ટીમ પર એટલા ઓવારી જાય કે તેમને તરત જ અગાઉથી ટીમ કરતાં પાંચ ગણા વધુ દાન આપી પાંચ ગણી અનુકુળતા કરી આપે.

આ ટીમમાં પણ દાતાઓને શરૂઆતમાં ભરસક વિશ્વાસ મુક્યો અને મોટા અનુદાનો આપવાનાં વચનો આપ્યા પરંતુ બે વર્ષ પછી આ ટીમની મનસ્વી અને આપખુદી કાર્યપધ્ધતિને કારણે આમાનાં ધણાખરા દાતાઓને વ્યાજબી રીતે વચનપૂર્તિ ન કરી જે આ યુવા શક્તિ ટીમની લોકપ્રિયતામાં ક્રમશઃ આવેલી ઓટનો પૂરાવો છે. આ મકારણસર જ, આ ટીમનાં ઝળહળતાં પાંચ વર્ષના દાવા પર સીધે સીધો પ્રશ્નાર્થ મૂકી દે છે.

ઉક્ત લેખ પ્રોફેશનલ પત્રકાર દ્વારા લખાયેલ હોય તેમાં માળખું સરસ બાંધેલ છે. પ્રારંભમાં કહેવાયું છે કે (મહાજનના) કાર્યોને ત્રણ વિભાગમાં જોવા જોઈએ મેળવડા, કાર્યો અને સહાય.

મેળવડા બાબત અનંતયુવા ટીમે જે કર્યું તેની વિગત આપતા કહેવાયું છે કે જ્ઞાતિજનો વચ્ચે પ્રેમ વધતો રહે એ હેતુથી નવા કાર્યો શરૂ થયા અથવા જૂના કાર્યક્રમોને નવા કલેવર થકી ઉત્કૃષ્ટ બનાવાયા સગપણ સેતુ, સમુહ લગ્ન, પર્યુષણ પર્વની ઉજવણી, સામુહિક ક્ષમાપના, સમ્મેતશિખરજીની યાત્રા, ત્રિહાનિકા અને પંચાન્હિકા મહોત્સવ, તપસ્વી બહુમાન, ચૈત્યપરિપાટી, નવકાર જાપ, તીર્થ યાત્રાઓ, યુવા મિલન વગેરે કેટલાય કાર્યક્રરો આ યાદીમાં શામેલ છે.... પાંચ વરસના કાર્યોની સવિસ્તાર યાદી જો તપાસીએ તો એ અનંતયુવા શક્તિના પાંચ ઝળહળતાં વરસોની ઝલક આપનારની દ્રષ્ટિએ મહાજને મેળાવડા યોજવા ઉપરાંત જ્ઞાતિના વર્તમાનને ઉજળું બનાવવા સાથે ભવિષ્યને ભવ્ય કરવાનું ટારગેટ આંબી શકાય, એના સંચાલન માટે વિવિધ સમિતિઓ બનાવવામાં આવી....

.....દરેક સમિતિએ પાંચ વર્ષ દરમિયાન અનેકવિધ કાર્યો કર્યા, ઓલરેડી ચાલતા કાર્યોને વધુ સારી રીતે અગાળ વધારવા નિયમો, પધ્ધતિઓને સ્પષ્ટ કર્યા. દરેક સમિતિએ પાંચ વર્ષ અનેકવિધ કાર્યો કર્યા. એ વાત માટે સલામ પણ

RAJSHREE YOGA & FAT FREE ZONE ®
RAJSHREE YOGA
Weight Management & Yoga Center
Since 1994

## રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૨ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ....

### પ્રોગ્રામ ઉપલબ્ધ

- વજન મેનેજ કરવું
- વજન મેઈનટેઈન કરવું
- બોડી શેપિંગ, ટોનિંગ અને સાઈઝ ઘટાડવી
- એન્ટિ એજીંગ (હમેશાં યુવાન રહેવું)
- ડાયાબિટીસ
- અસ્થમા અને એલર્જી
- કોલેસ્ટ્રોલ અને બ્લડ પ્રેસર
- માઈગ્રેઈન
- થાઈરોઈડ
- ગેસ, એસીડીટી અને કબજીયાત
- ઘૂંટણ, મણકાની અને સાંધાનો દુખાવો
- અશકિત અને થાક લાગવો
- ચામડીની બિમારીઓ

### બાળકો માટે ખાસ

- ઉંચાઈ વધારવી
- શરીરનો આકાર સુધારવો
- એકાગ્રતા અને આત્મવિશ્વાસનો અભાવ
- બાળકો તથા માતાપિતાનું કાઉન્સેલિંગ
- પથારીમાં પેશાબ કરવો
- યાદ શકિતની તકલીફો
- પોતાની સંભાળ તથા સલામતીની ટ્રેનીંગ

### સ્ત્રીઓ માટે ખાસ

- પ્રેગનેન્સી પછી વજન ઘટાડવું
- પ્રેગનેન્સી માટેના યોગા
- સ્કીન ટાઈટ અને ગ્લો માટે
- માસિક અને હોર્મોન્સ ની તકલીફો
- મેનોપોઝ

### વયસ્કો માટે ખાસ

- અશકિત, થાક અને મુંઝવણ
- સાંધાનું અકડાવું અને દુખાવો
- ઘુંટણ, પીઠ અને શરીરનું દુખવું
- પેશાબ સબંધિત તકલીફો
- ઉંઘ સબંધિત તકલીફો

### માનસિક સ્વાસ્થ્ય માટે

- અશકિત, થાક અને મુંઝવણ
- ડર, તાણ, ડિપ્રેસન
- સ્ટ્રેસ મેનેજમેન્ટ
- એંગર (ગુસ્સો) મેનેજમેન્ટ
- કાઉન્સેલિંગ
- મોટીવેશનલ પ્રોગ્રામ

### અમે આપીએ છીએ

- ફિટનેસ યોગા
- હીલીંગ યોગા
- યોગા થેરેપી
- મસલ્સ બનાવવા
- વ્યાયામ
- પ્રાણાયામ
- ડાયેટ અને ન્યુટ્રીશન
- બિમારીનું મેનેજમેન્ટ
- લાઇફ સ્ટાઇલ કરેકશન
- સુ જોક એકયુપ્રેસર
- એકયુપંકચર
- સ્માઇલ મેડીટેશન
- કલર અને સીડ થેરેપી
- મેગ્નેટ થેરેપી

Ph:- 93233 33303, 93218 99909, 24104142
૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે, ભરતક્ષેત્રની ગલીમાં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪
Web Site : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

પ્રવૃત્તિઓને સારી રીતે આગળ વધારવા નિયમો પધ્ધતિઓને સુસ્પષ્ટ કરી હોય એ વાત એમના સમર્થકોને પણ ગળે ઉતરે તેવી નથી.

અનંતયુવા શક્તિના પાંચ ઝળહળતાં વરસોની ઝલક આપનારના કહેવા પ્રમાણે વધુમાં સંયુક્ત પણે અનંતયુવા શક્તિની ટીમે જ્ઞાતિ માટે રાષ્ટ્રીય સ્તરે કાર્યો કર્યા. એનો લાભ મળ્યો આખી જ્ઞાતિને..... યુવાનોને જ્ઞાતિમાં ઈન્વોલ્વ રાખવા ઘણા કામો થયા. આ બાબત પણ ઝલક આપનારે થોડી વધુ સ્પષ્ટતા કરી હોય તો સારું થાત કેમ કે જ્ઞાતિજનોને તો એટલી જ ખબર છે અનંત યુવા શક્તિની ટીમે એક વખત યુવા મિલન યોજીને પૂર્ણ વિરામ મૂકી દીધું યુવા એક્સચેંજમાં ચેન્નઈ મહાજનને સાથ આપીને બહારગામના યુવાઓને આવકાર્યા પણ મુંબઈના યુવાનોને એક્સચેંજમાં બહારગામ મોકલ્યા નહીં, મુંબઈમાં જ્ઞાતિ સંમેલન ભરવાનું બીડું ઝડપ્યું નહીંને રાયપુરનું સંમેલન રદ કરાવડાવ્યું.

સહાયકાર્યોમાં મેડિક્લેમ યોજના વધુને વધુ જ્ઞાતિજનો પાસે પહોંચાડાઈ અને શિક્ષણ સહાય કરવામાં આવી એ બાબત સલામ પણ ભવિષ્યને ઉજળું બનાવવા માટે હોપ ૧૦૦૦ જેવી જ્ઞાતિજનો માટેના આવાસની વિરાટ યોજનાને વરસો પછી ફરીવાર માટે ચડાવવાનું કાર્ય મુંબઈ મહાજનના અને અનંતનાથ ટ્રસ્ટના કાર્યોમાં શિરમોર છે. એવો દાવો હાસ્ય પ્રેરે તેવો છે.

ખરેખર આ વિરાટ યોજના વરસો પછી ફરી પાટે ચડી ગઈ છે ? તો પછી **હોપ ૧૦૦૦** દ્વારા આ યોજના પોતે જ પાટે ચડાવાશે એવો ખુલાસો કેમ કરાયો ? હકીકતમાં **હોપ ૧૦૦૦** ના સંચાલકો સાથે અનંતનાથજી ટ્રસ્ટ અને મહાજનના અધિકારીઓએ એવી શરતો મુકેલી કે જાણે **હોપ ૧૦૦૦** ના સંચાલકો કોઈ અનુદાન મેળવવા અરજી કરી રહ્યા હોય અને ટ્રસ્ટનો હાથ ઉપર રહેતો હોય. આવી અસ્વીકાર્ય શરતોને કારણે **હોપ ૧૦૦૦** ની યોજના સાથે સહયોગ થઈ શક્યો નહીં. અંતે, આ માટે ૧૪ કરોડ જેટલી રકમ ફાળવાયેલી તે હવે ટ્રસ્ટ પાસે બીજા ઉદ્દેશો માટે વાપરવા બાબતે ફાજલ પડી છે.

મસ્જિદ બંદરની વાડી વેચીને આવેલા પૈસા અને લોન લીધેલા પૈસાથી એરોલીમાં જે મિલકત વિકસાવાઈ છે તેને મહાજન વાડી કહેવા જ્ઞાતિજનોનું દિલ માનતું નથી.

વળી જ્ઞાતિજનોની ભાવના અને સમસ્ત મહાજનની સલાહ અવગણીને અનંતછાયાનું વેચાણ કર્યું એ કઈ મોટી સિધ્ધી ગણાય ?

અનંતયુવા શક્તિના પાંચ ઝળહળતા વરસોની ઝલક આપનારના મતે જ્ઞાતિની રજેરજેની વિગતો અને ઘટનાઓ દેશભરમાં દરેક જ્ઞાતિજન સુધી પહોંચે તે માટે વિશ્વકક્ષાનું મેગેઝીન શરૂ કરનાર આપણે કદાચ પ્રથમ જ્ઞાતિ છીએ.

ખૂબ ખૂબ અભિનંદન સાથે પૂછવાનું કે વિશ્વકક્ષાના મેગેઝિનમાં એવા કોઈ નિયમ હોય છે ખરો કે મહાજનના કે ટ્રસ્ટની નોટીસો માત્ર પાનાના ચોથા ભાગ અને એ પણ મોડી મોડી આપવી અને સમાચાર જૂના એટલા સોના સરખા એમ સમજીને મોડા જ આપવા.

અનંતયુવા શક્તિના પાંચ ઝળહળતા વરસોથી ઝલક આપનારે જણાવ્યું છે કે વર્તમાન મુંબઈ મહાજને પાંચ વરસમાં જ્ઞાતિને પ્રગતિશાળી અને વધુ સમક્ષ બનાવી છે. એટલે કે તે અગાઉ જ્ઞાતિ પ્રગતિશાળી અને સક્ષમ નહોતી ?

જ્ઞાતિએ પ્રગતિશાળી અને સક્ષમ બન્યા વગર જ કેશવજી નાયક જેવા પંચમ જ્યોર્જ માટે લાલ જાજમ પાથરનાર, ભીમશી માણેક જેવા પુસ્તક છાપી જૈન ધર્મનો ફેલાવો કરનારા, વિસનજી ત્રિકમજી નાઈક જેવા સરનો ઈલકાબ પામેલા, જૈન કોન્ફરન્સના પ્રમુખ બનેલા ખેતશી ખીંયશી, જેમની માટુંગા-વડાલાના નગરી વિકાસની માટેની સેવાઓનો ધ્યાનમાં લઈને મહેશ્વરી ઉદ્યાન બને એવા બી.એન.મહેશ્વરી, કચ્છના પ્રથમ સાંસદ ભવાનજી અરજણ ખીમજી જેવા સર્વત્ર જાણીતા મહાનુભાવો પેદા કર્યા !

વિશ્વકક્ષના મેગેઝીનમાંનો આ પોઝીટીવ કોને કહેવાય એ સમજાવતો લેખ વાંચીને લાગે છે કે પ્રગતિશીલ અને સક્ષમ બનવા માટે જ્ઞાતિએ ગરિમાની વાત કરનારાઓને સમજાવીને ઈલેક્શનને બદલે સીલેક્શનમાં માનનારાઓની આરતી ઉતારી તેમણે ચૂંટણીમાં ફોર્મ પણ કેમ ન ભર્યુ એ પૂછવું રહ્યું.

જે હોય તે, બીત ગઈ વોહ બાત ગઈ, પણ આ પોઝીટીવ લેખ વાંચીને નવી કહેવત યાદ આવ્યા વગર નહીં રહે: વરને વખાણે કોણ ? તો કહે એની મા.... રાજકારણીઓને વખાણે કોણ ? એમનું પોતાનું પ્રકાશન !

**- ચંદ્રસેન મોમાયા**

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના પદાધિકારીઓ

નવ નિર્વાચિત વ્યવસ્થાપક સમિતિના એકાવન સભ્યોની ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૫ના મળેલ સભામાં આગામી ૨૦૧૫-૨૦૨૦ની કાળાવધિ માટે પ્રમુખ તરીકે કલ્પેશ માણેકજી મોતા (રાપર-ઘાટકોપર), ઉપપ્રમુખ તરીકે હીરાલાલ ડાઘા (વરાડીયા-માટુંગા), દ્વિતીય ઉપપ્રમુખ તરીકે લેરીન ખોના (સુજાપર-પવઈ) અને અતુલ ડુંગરશી ધરમશી (સુથરી) ખજાનચી તરીકે રમેશ લોડાયા (જખૌ-ડોંબિવલી) ચૂંટાયા છે. હવે વરાયેલા પ્રમુખ કલ્પેશભાઈ મોતા એક માનદમંત્રી અને એક સહ માનદમંત્રીના પદો પર ટૂંક સમયમાં નિમણુંકો કરશે.

## અબડાસાનાં ગામોમાં આપણો વસવાટ




પ્રકાશ સમીક્ષાના અંક નં.૬ ના ચર્ચાને ચોતરે વિભાગમાં શ્રી નરેન્દ્રભાઈ લોડાયા (અમદાવાદ-બાંઢીયા) નો લેખ પ્રશંસનીય મનનીય રહ્યો.

અબડાસાના આપણા ગામોમાં જ્ઞાતિની વસતી દિન-પ્રતિદિન ઘટતી રહી છે. કેટલાક ગામોમાં તો માંડ એક-બે ઘર ખુલ્લા હશે. આવા સંજોગોમાં જાગૃત જ્ઞાતિજનો અને મોભી સંસ્થાઓએ અગ્રતા ક્રમે વિચારવાનો સમય પાકી ગયો છે. શ્રી નરેન્દ્રભાઈએ દરેક મુદ્દા પર સરસ છણાવટ કરી છે.

વિશેષમાં, કચ્છમાં રહેતા જ્ઞાતિ આગેવાનો સાથે અવારનવાર વિચારણા કરી, આ વિષય પર શું કરી શકાય તે જાણવું અને ત્યારબાદ શક્ય તેટલો અમલમાં મુકાય તે ઈચ્છનીય છે. જરૂરી લાગે તો એના માટે કમિટિ પણ બનાવી શકાય. વિચારશીલ જ્ઞાતિજનો આ વિષય પર પોતાનાં મંતવ્યો પ્રગટ કરે પ્રાર્થનીય છે.

**- દિનેશ રતનશી મૈશેરી**
મલાડ (મોટી સિંધોડી)

## શ્રી ક.દ.ઓ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એસોશિયેશન

કાર્યાલય :- C/o. આર. જે. લુઠીયા એન્ડ એસોશિયેટ્સ, ૬૧૦/૬૧૧, પરમેશ્વરી સેન્ટર, દાલમીયા એસ્ટેટ, ઓફ એલ.બી.એસ માર્ગ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
ફોન નં.: 25641553 /25694989 ફેક્સ નં.: 25922236 ઈ મેઈલ : rajiv@rjl.co.in

## બજેટ મીટીંગ - ૨૦૧૫

શ્રી ક.દ.ઓ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એસોશિયેશન દ્વારા સતત ૧૮ વર્ષથી બજેટ મીટીંગનું આયોજન કરવામાં આવે છે. તેજ પરંપરા મુજબ આ વર્ષે બજેટ મીટીંગ રવિવાર તા. ૮-૩-૨૦૧૫ ના બપોરના ૩.૩૦ કલાકે કે. જે. સોમૈયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ઓડિટોરીયમ, ૪થે માળે, સોમૈયા વિદ્યાવિહાર કેમ્પસ, વિદ્યાવિહાર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭ મધ્યે રાખેલ છે. આ મીટીંગના મુખ્ય અતિથિ તરીકે **શ્રી ઈશ્વરભાઈ શાહ** (મુંબઈ હાઈકોર્ટના રીટાયર્ડ જજ) પધારશે.

*કાર્યક્રમની રૂપરેખા*

**ભાગ-૧ ઈન્કમટેક્સ તથા સર્વીસ ટેક્સમાં ફેરફારો**

અધ્યક્ષ : CA **કમલેશ શીવજી વિકમશી** (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઈન્સ્ટીટ્યુટના પૂર્વ પ્રમુખ)

વિષય : **ઈન્કમ ટેક્સમાં ફેરફારો** • સ્પીકરો : CA **ઘનશ્યામ લાલકા** • CA **ધારીણી શાહ**

**સર્વિસ ટેક્સમાં ફેરફારો** - CA **રાજીવ લુઠીયા**

**ભાગ ૨ : આજનાં સમયમાં વિવિધ રોકાણો કરવાની તકો**

અધ્યક્ષ : **શ્રી કલ્પરાજ ધરમશી** (ડાયરેક્ટર ધરમશી સીક્યુરીટીસ પ્રાઈવેટ લીમીટેડ)

સ્પીકર : CA **મિતેશ શાહ** (એમ ડી., કોટક મ્યુચ્યુઅલ ફંડ)

**નોંધ** :- આ કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેમણે મે/જૂન ૨૦૧૪ તથા નવેમ્બર/ડિસેમ્બર ૨૦૧૪માં IPCC/PC/PCE વગેરે સમકક્ષ પરિક્ષા CA, CS અથવા ICWAમાં ઉત્તીર્ણ કરેલ હોય તેમનું બહુમાન કરવામાં આવશે. આ માટે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ પોતાની વિગતો એસોશિયેશનનાં કાર્યાલયમાં મોકલવા વિનંતી.

**સર્વે ઈચ્છુક જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં પધારવા આમંત્રણ છે.** કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## અનંતનાથજી મુંબઈ સ્થાને ગુરૂવંદના મહાકાલી દેવીના ભાવના

મુંબઈ અનંતનાથજી ઉપાશ્રયે, ફાગણ વદ ૩ રવિવાર તા૦૮.૦૩.૨૦૧૫ના અચલગચ્છના દેવીશ્રી મહાકાલી માતાજીશ્રી ચકેશ્વરી માતાજીની ભક્તિ ભાવના પૂજ્ય ગુરૂદેવ યતિ શ્રી ક્ષમાનંદજી મહારાજ સાહેબની ૪૫મી પુણ્યતિથિ નિમિત્તે બપોરના ૩ થી ૫ ભક્તિ ભાવના ગુરૂવંદના રાખેલ છે. ગુરૂભક્તો સંઘના ભાઈ-બહેનોને પધારવા આમંત્રણ છે. ભાવના માટે સંગીતકાર મંડળ પધારશે. વિદ્યાપ્રેમી ગુરૂદેવને અંજલિ આપવા ભક્તિ ઉત્સવે મસ્જીદ બંદર દેરાસરજીમાં પધારશોજી.

## પ્રોફેસર એડવોકેટ હેતલ મૈશેરીની ઉચ્ચ રાષ્ટ્રીય સ્ટડી ટુર : નેતાઓ સાથે મુલાકત

ટી.એમ.સી. થાણા લો કોલેજના પ્રોફેસર કુ. હેતલ લહેરચંદ મૈશેરી (B.Com. L.L.B., L.L.M.WIPO) કાયદાનો અભ્યાસ કરતા ૪૦ ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ અને ૩ ફેકલ્ટીની ટીમની લીડરશીપ લઈ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી, ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારી, ભૂ.પૂ. કાયદા મીનીસ્ટર કપિલ સિબ્બલ તથા નાણામંત્રી શ્રી પી. ચીદમ્બરની શુભેચ્છક મુલાકાત લઈ સંસદમાં સ્પીચ આપતાં સૌએ તાળીએ વધાવ્યા હતા.

આ રીતે સંસદમાં સ્પીચ આપનાર એડ. હેતલ લહેરચંદ મૈશેરી પહેલા જ્ઞાતિજન બન્યા છે. એડ. હેતલબહેનને પ્રકાશ સમીક્ષાની શુભેચ્છા.

## ફાઈવ સ્ટાર્સ કેટરીંગની છલાંગ

જ્ઞાતિના યુવાનોની ફાઈવ સ્ટાર કેટરીંગે ફક્ત બે જ વરસમાં અંદાજે ૫૫૦થી વધુ કાર્યક્રમોમાં સફળતા પુર્વક કેટરીંગ કરી ૩૫૦ જણના સ્ટાફ સાથે કચ્છ શેરડીના શ્રી શીવજીભાઈ સંગાર પરિવારના બે સુપુત્રોના લગ્ને ૧૨૦૦૦ જણ માટે કેટરીંગ કર્યુ. માંડવીમાં જી.ટી. ગ્રાઉન્ડમાં ૪૦૦૦ જણને આંગળીઓ ચાટતાં કરી દીધા.

કીર્તીદાન ગઢવીના ડાયરાએ લગ્ન રાસ ગરબામાં પણ ૩૫૦૦ જણે સાઉથ ઈન્ડિયન ઈટાલીયન, ચાટ, પાણી પૂરી, આઈસક્રિમ પાર્લર વગેરેના ચટાકેદાર વાનગીઓ માણી ખોબલે ખોબલે શાબાશીઓ આપી.

આ કાર્ય માટે શ્રી પ્રવિણભાઈ હંસરાજ લોડાયાએ સંપૂર્ણ સહયોગ આપ્યો. ફાઈવ સ્ટાર્સ કેટરીંગને મહાજન શ્રી અને અનંતનાથ ટ્રસ્ટનું પીઠબળ મળતાં ઉતરોત્તર પ્રગતિ કરી છે.

**- લહેરચંદ મૈશેરી** (ભાંડુપ)





।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।।

### શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા



ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૨-૨૨૨૩૩૭
રજી. નં. A ૫૬૪ (કચ્છ)
Email Id : kdonaliyamahajan@gmail.com

મુંબઈ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

### આજીવન સભ્ય ફી (લાગા)

શ્રી નલીયા તથા તેના વાડા છાડુરા, રામપર, વડસર અને સુખપર ગામ ના સર્વે મહાજનશ્રી ના સભ્યો જોગ,

જય જીનેન્દ્ર સાથે જણાવવાનુ કે મહાજનશ્રી દ્વારા આજીવન સભ્ય ફી (લાગા) ચુલાદીઠ રૂ. ૧૧૦૦/- ના ફોર્મ ભરવા નું ચાલુ છે ઘણા કુંટુમ્બો ના ફોર્મ ભરીને આવીગયા છે. છંતા હજૂ ઘણા સભ્યોના ફોર્મ આવવાના બાકીછે તો જેમણે સભ્ય ફીના ફોર્મ ન ભર્યા હોય તેમણે નલીયા સ્થાનિક ઓફીસે અને મુંબઈ ઓફીસ તથા મહાજનશ્રી દ્વારા નિમણુંક કરેલ પ્રતિનિધિ ઓ નુ સપંર્ક કરીને આજીવન સભ્ય ફી ભરવા વિનંતી છે. મહાજન શ્રી દ્વારા નિમણુંક કરેલ પ્રતિનિધિઓ માનદ્ સેવા આપી રહયાછે. તેઓને સાથ સહકાર આપવાવિનંતી. જેથી લાગા—રોલ પત્રક નું. કાર્ય ઝડપી પૂર્ણ થાય.

### પ્રતિનિધિઓ :

૧) શ્રી લલીત કુંવરજી ખોના - ડોમ્બીવલી - ૦૯૯૨૦૪૦૩૯૫૦    ૨) શ્રી ચેતન લહેરચંદ નાગડા - ડોમ્બીવલી - ૦૯૮૨૦૧૦૫૦૭૮
૩) શ્રી ફાલ્ગુન લખમશી ખોના - બી-૩૩, અનંત સિધ્ધિ એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મો. ૦૯૮૨૦૬૨૦૪૯૯
૪) શ્રી જયંત વિશનજી છેડા - ગુર્જરમાત, મોનાની સદન, નહેરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મો. ૦૯૩૨૨૨૫૭૭૩૧ / ૯૮૬૯૦૦૫૪૦૩
૫) શ્રી પદમકુમાર ધનજી નાગડા - એ/૮, કચ્છી હાઉસ, જે.સી. નગર, હુબલી - ૨૦, મો. ૦૯૪૪૮૦૯૦૩૦૭

**આપસૌના સાથ અને સહકારના અભિલાષી**
**લિ. શ્રી.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન - નલીયા**
**ટ્રસ્ટીગણ**

# દીકરીના લગ્ન

**વનિતા**



**વિશ્વ**

પ્રિય દીકરીઓ, 'ફાધર ઑફ ધ બ્રાઇડ' જોતાં જોતાં મારી આંખ સામે તમે બંને સતત ફરતાં હતાં. બંનેના લગ્ન કરાવાનાં આવશે ત્યારે હું, પપ્પા અને તમારા મોટા ભાઇઓ, ડાઇનિંગ ટેબલની ફરતે બેસીને બધી વ્યવસ્થા વિચારીશું. વિવિધ પ્રસંગો, કેટરિંગ, માંડવો, ગણેશનું પ્લાનિંગ કરવામાં એક ખાસ બાબત તો વિસરાઇ જ જશે... દીકરાઓની વિદાયવેળાનો પ્રસંગ ! આપણી આંખ સામે જોતજોતામાં ચોવીસ વર્ષની થઇ ગયેલ આંખની કીકીઓથી અળગા થવાનો પ્રસંગ... એ ઘડીનો હું શી રીતે સામનો કરીશ ?

અત્યારે તો ઘણી વાર હું તમને સારા છોકરાઓ બતાવું છું, ચીડવું પણ છું. તમે બંને શરમાઇને લગ્નની વાત ઉડાવી દો છો; વાત બદલી કાઢો છો. જાહોજલાલીવાળાં ભવ્ય લગ્નોની હું સખત વિરોધી છું. એ બાબત મેં વર્ષોથી સ્પષ્ટ કરેલી જ છે. અવંતિકા, તને તો એવા ભવ્ય લગ્ન જ કરવા છે તેવું તું વાતવાતમાં મને જણાવી ચૂકી છે, ''મોમ, જિંદગીમાં આ પ્રસંગ એક જ વખત આવે છે. આઠથી દસ દિવસ સુધી જલસાપાર્ટી ચાલવી જ જોઇએ. ''અરૂંધતિએ પણ મને કહ્યું જ છે, ''મમ્મી, હિન્દી ફિલ્મના ભવ્ય લગ્નની જેમ મારે તો મેંદી, કોક્ટેલ્સ, સંગીત.. બધું જ જોઇએ. હોં કે ! પાંચ-છ દિવસ સુધી લગ્નની તડામાર તૈયારીઓ, પ્રસંગો જાતજાતનાં કપડાં-દાગીના, બધું જ મારે તો જોઇએ જ.'' તો કીકીઓ ચકળવકળ કરવા લાગે છે !


।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।।

**શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા**

ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૨-૨૨૨૩૩૭

રજી. નં. A ૫૬૪ (કચ્છ)

Email Id : kdonaliyamahajan@gmail.com

મુંબઇ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમેન્ટ, સેજલ પાર્ક, બી.ઇ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઇ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

**ખાસ સામાન્ય સભા**

તા. ૨૧/૦૨/૨૦૧૫

**સર્વે નલીયાવાસીઓ અને તેના વાડાના ગામના સભ્યો.**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયાની એક ખાસ સામાન્ય સભા તા. ૧૫/૦૩/૨૦૧૫ ને રવિવાર બપોરના ૩:૦૦ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ ના એજન્ડા ઉપર કાર્યવાહી રહેશે.

-: કાર્યસુચિ :-

૧. ખાસ સામાન્ય સભા ની ગત મીનીટસનું વાંચન અને બહાલી.

૨. વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત તા. ૩૧/૦૩/૨૦૧૫ ના પુર્ણ થાયછે તેની ચુંટણી પ્રક્રિયા બાબતે ચર્ચા-વિચારણા અને નિર્ણય.

૩. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઇ રજુ થાય તે બાબત ચર્ચા વિચારણા

**સર્વ સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી**

**શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા**

**વતી ટ્રસ્ટીગણ**



Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

અલ્યા, તમે બધાં ગાંડા થઇ ગયાં છો કે શું ? ભગવાન ભગવાન! છ છ છોકરાંના જો આવા ને આવાં લગ્નો કરવાનાં હોય તો મા-બાપ તો ડુચો નીકળી ગયેલા સાંઠા જેવા થઇ જાય ! આ વખતે મને નાની રાધિકા યાદ આવે, ''મમ્મી, તુ ચિંતા ન કરીશ, હોં... હું તો પરણવાની જ નથી.'' પણ આવુ છાતી ઠોકીને બોલતી દીકરીઓને જે ઘડીએ મનનો માણિગર મળી જાય, પછી સૂર્યના તડકામાં ઝાકળ ઊડી જાય તેમ આપણા ઘરમાંથી ઊડી જાય છે. કેરિયર બનાવવામાં પડેલી આજકાલની ઘણી છોકરીઓ વખત આવ્યે, ડાહી-ડમરી થઇને સંસાર માંડી જ લે છે.

હું તો દ્રઢપણે માનું છું કે લગ્નો સાદાઇથી જ થવા જોઇએ સાદગીની કળાત્મકતા હોય તો જ લગ્નનો અર્થ સરે. સંપત્તિનું વરવું પ્રદર્શન કરવું હોય તો ઘણાં પ્રસંગો છે. લગ્ન જેવી પવિત્ર વિધિને એમાંથી બાકાત ન રાખી શકાય? બસ થોડાં કુટુંબીજનો અને અંગત મિત્રોની હાજરીમાં છેડાછેડી બંધાય, તો વર-વધુને તેનું મહત્વ સમજાય. બાકી તો વર-કન્યા ને મા-બાપ સિવાય બીજું દોઢ હજાર માણસ ભારે ભારે કપડાં-દાગીના ઠઠાડીને, બુફે જમતું હોય, બિઝનેસ કાર્ડની આપલે કરતું હોય ને મોબાઇલ પર શેરબજારની લાખોની ઉથલપાથલ કરતું હોય, તો વર-કન્યાને પણ આ બંધનની વિશ્વાસનિયતા પરથી વિશ્વાસ ઊઠી જાય.

વર્ષો પહેલાં મુંબઇના એક જણીતા બિઝનેસમેન તરફથી મને તેમના દીકરાના લગ્નમાં જવાનું આમંત્રણ મળેલ. હું તો એમને ક્યારેય મળી પણ ન હતી. કાર્ડ લાવનારા વ્યક્તિ મને ઓળખે. મેં તમેને પૂછ્યું, ''ભાઇ, મારા સુધી આમંત્રણ હોય ?''


# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

**દલતુંગી-૩૬૧ ૨૮૦, જામનગર, ગુજરાત.**

**મુંબઈ ઓફીસ :** C/o. ૨૦૮, ભાવેશ્વર કોમ્પ્લેક્સ, વિદ્યાવિહાર (વે.), રેલ્વે સ્ટેશન પાસે, મુંબઈ-૪૦૦ ૦૮૩.

**પ્રિય ગામવાસીઓ,**

**શ્રી અજિતનાથ સ્વામી ભગવાનના** દેરાસરજીની ૧૧૨મી ધજા વૈશાખ સુદ પાંચમને **ગુરૂવાર તા. ૨૩.૦૪.૨૦૧૫ના** ઉજવવામાં આવશે. સર્વે ગામવાસી ભાઈ બહેનોને પધારવા આમંત્રણ છે. ગામવાસી ભાઈઓનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ છે. સર્વેને લાભ આપવા આગ્રહભરી વિનંતી. ધજાનો ચડાવો **૨૩/૪/૨૦૧૫ ના સવારે** સ્થાનિકે બોલી આદેશ આપવામાં આવશે.

અઢાર અભિષેક તથા ૧૭ભેદી પૂજા ભણાવવામાં આવશે. સંગીતકાર શ્રી વિક્રમભાઈ મહેતા સંગીત મંડળી સાથે પધારશે.

દેરાસરજીના વાર્ષિક ખર્ચને પહોંચી વળવા નકરો રૂા. ૩૦૦૦/- રાખેલ છે. **વર્ષ ૨૦૧૫-૨૦૧૬** માટે નામો લખાવી લાભ લેવા વિનંતી. **નામો શ્રી વનરાજભાઈ માલદે (મો.09819461510) શ્રી દિલીપભાઈ લાપસીયા (મો. 09214426142) શ્રી શામજીભાઈ શિયાળ (મો. 07567140940)** ને લખાવશોજી.

અઢાર અભિષેકનો રૂા. ૩૫૧/- (પહેલા તથા છેલ્લા અભિષેકનો નકરો રૂા. ૫૦૧/-) તથા ૧૭ ભેદી પુજાનો નકરો રૂા. ૨૫૧/- (પહેલી તથા છેલ્લી પુજાનો નકરો રૂા. ૩૦૧/-) રાખેલ છે. સર્વેને લાભ લેવા વિનંતી.

*લિ. ટ્રસ્ટ વતી*

**શ્રી પ્રવીણ જેઠાલાલ લાપસીયા** (પ્રમુખ) તથા સર્વે ટ્રસ્ટીગણના જય જીનેન્દ્ર

એ મને કહે, અમને બધાને દસ દસ જાણીતા લોકોને કાર્ડ આપવા માટે આપ્યા છે. તેથી મને તમે યાદ આવ્યાં. તમે સરસ તૈયાર થઇને આવો, પાંચ માણસોમાં પુછાઓ, તો અમારા શેઠનો પ્રસંગ દીપી ઊઠે ને ! લ્યો, કરો વાત ! કાઇ વાંધો નહીં, એટલિસ્ટ એ ભાઇએ ગોળ ગોળ વાત ન કરી... જે સત્ય હતું તે સીધેસીધું કહી દીધું.

આજકાલ તો હાઇસોસાયટીના જે લગ્નો હું એટેન્ડ કરૂં છું તેમાં થતો બગાડ જોઇને મારો જીવ બળી જાય છે. બૅંગકૉકના ફૂલો... વિવિધ દેશોના જમણના કાઉંટરો, બૂફે ટેબલો.... જેમાંથી એક પણ વાનગી સમજણ પડે તેવી ન હોય! અરે નામ બોલતાં ફાંફાં પડે... ભારે ખમ ચાંદી જેવી પ્લેટો, જે ઊંચકીને ઊભા રહેતા જ દમ નીકળે. કપડાં તો અધધધ મોંઘા, ડિઝાઇનર ક્લોથ્સને નામે.... સોનાના ભાવો તો જુઓ ! સામાન્ય માણસના તો ગજા બહારની વાત થઇ ગઇ ! આ બધું શેને માટે ? તો કહે, ઓળખીતા-પાળખીતાઓ પોતાના ભારેખમ કપડાં દાગીનાના પ્રદર્શન તમારા ખર્ચે ને જોખમ કરી શકે તેના માટે ? હું આ રીતે કરોડો ખર્ચવાની નથી હોં કે, દીકરીઓ. નો વે, થેન્ક યુ !

હું તો નાની છતાં અંગત વિધિ રાખીશ, વધારાના પૈસા હોય તો તમે મુંબઇમાં કે ક્યાંય નાની ખોલી લેવામાં કે ફરવામાં વાપરજો. એકમેકને ઓળખવામાં એ પૈસા ઇન્વેસ્ટ કરજો. અને તમારા દિલમાં થોડીઘણી દયા ભાવના હોય તો એ સપરમાં દિવસે થોડું દાન-પુણ્ય કરજો. ભૂખ્યાંનો જમાડજો.. પણ મહેરબાની કરીને એ પૈસા બીજા પર છાકો પાડવા માટે ન વેડફશો અને હા આ બધું કરવા માટે તમારે સારા વિચારો ધરાવનારા પાત્ર શોધવું પડશે.. મને ખાતરી છે કે વખત આવશે ત્યારે તમે મારી જેમાં જ વિચારશો.

હા, તમને ગમે તેવા પ્રસંગો નાને પાયે રાખીશું. જીવનની એ યાદગાર પળો તમે જરૂર માણજો. પણ એ બધી ધમાલ વચ્ચે પણ એક ખાસ વાત ન ભૂલશો, કે લગ્ન એ બે આત્માઓનું પવિત્ર બંધન


ઝવેરી બજારની

**જ્યોતિ**

હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...

જ્યોતિ ઝવેરી બઝાર ખાતે

**સ્ટૉક ક્લીયરન્સ સેલ**

**શનિવાર તા. ૭ માર્ચથી ભારે છુટ**

**UPTO 50%**

જ્યોતિ સાડી ઝવેરી બઝાર લાવે છે

**Special Offer આપના માટે**

**કસબ-બટકસબ-પીયવર્ક-જીકસબ**

**હેન્ડ. મશીનવર્ક પારસી સાડીઓ**

**ચણીયા ચોળી રીયલ-ટેસ્ટેડ ઘરચોળા**

**પાનેતર - બાંધણીઓ તથા ફેન્સી**

**સાડીઓના રેડી સ્ટૉક પર ભારે વળતર**

134/136, 2nd Floor, Above Khadi Bhandar,
Opp. Khara Kuwa, Mumbai - 400 002
Phone : 22402786 / 22413995


**રાપરગઢવારી - નાની સિંધોડી**
**ક.દ.ઓ. જૈન મિત્ર મંડળ**

**ધજા મહોત્સવ ૨૦૧૫**

**શ્રી હનુમાન મંદીર - સાલગીરી મહોત્સવ**

રાપરગઢવારી - નાની સિંધોડી
સર્વે જ્ઞાતિજનો અને નિયાણી પરિવાર જોગ.

બન્ને કાર્યક્રમની રૂપરેખા :
સોમવાર, તા. ૨૫-૫-૨૦૧૫
શ્રી હનુમાન મંદીર પ્રથમ વર્ષગાંઠ (નાની સિંધોડી)
મંગળવાર, તા. ૨૬-૫-૨૦૧૫
અઢાર અભિષેક (દાતા આવકાર્ય)
બુધવાર, તા. ૨૭-૫-૨૦૧૫
રાપર તીર્થ ધજા

સર્વે ભાવિકોએ તા. ૨૩-૫-૧૫ થી ૨૭-૫-૧૫ સુધીમાં કાર્યક્રમ માટે આ તારીખો રિઝર્વ રાખવા ખાસ વિનંતી.

રાપર તીર્થે આ વર્ષે ધજા ફરકાવવાનો લાભ **અ.સૌ. સરલાબેન ભવાનજી હરશી લોડાયા (દાદા ભલારા)** પરિવારે લીધેલ છે.

*વિનંતી*
**રાપરગઢવારી - નાની સિંધોડી**
**ક.દ.ઓ. જૈન મિત્ર મંડળ**

## પ્રથમ માસિક પુણ્યતિથિએ
## અશ્રુભરી શ્રધ્ધાંજલિ



**સ્વ. પિયુષ ચિમનલાલ કાનજી મોમાયા (માવાણી)**
(ગામ વરાડીયા હાલ યવતમાલ)
**જીવન યાત્રા ૨૯.૦૯.૧૯૫૨ થી ૦૮.૦૨.૨૦૧૫**

જીવન એવું જીવી ગયા જે કદી ભુલાય નહીં
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં

કાળ ના ભ્રમણમાં સમાઈ ગયા તમે
યાદોની જ્યોત જલાવી ગયા તમે

પ્રભુ સેવા અને સમાજ સેવા જ હતી તમારી જીદગી..
જીંદાદિલી અને પરોપકાર જ હતી તમારી જીંદગી...
રોજ સુરજ ઉગે છે અને આથમે છે.
પળ પળ તમારી હાજરી ખૂટે છે.

પરમાત્મા તમારા દિવ્ય આત્માને ઉર્ધ્વગતિ આપે
એજ અમારી પરમ કૃપાળુ પ્રભુ પાસે પ્રાર્થના.....

**આપની અમર સ્મૃતિમાં શોકાતુર પરિવાર**

| | | |
|---|---|---|
| સહધર્મચારીણી | : | કલ્પનાબેન પિયુષ મોમાયા |
| ભાઈ-ભાભી | : | સૌ. કૌશલ્યાબેન વિજય મોમાયા |
| બહેન-બનેવી | : | સૌ. હિનાબેન ચંદ્રકાંત લોડાયા |
| ભાણેજ | : | પરાગ ચંદ્રકાંત મોમાયા |
| ભાણજી | : | જલપા વિજય વિકમશી |
| પુત્રી-જમાઈ | : | સૌ. અંજલી અનીમેશ ધરમશી |
| | | સૌ. હિરલ રોહીત દંડ |
| | | સૌ. દિપાલી હિમાંશુ મૈશેરી |
| દોહિત્રા | : | વેદાંત, નીલ |
| દોહિત્રી | : | માનસી, હેતવી, જીયા |

**શ્રીમતી દમયંતીબેન કેશવજી ધરમશી પરિવાર**
યવતમાલ (નલીયા)

છે અને એકમેકનો જીવનભર સાથ નિભાવવાનું વચન છે, એ બીજી પાર્ટીઓ જેવી પાર્ટી નથી. એકમેકને અગ્નિની સાક્ષીએ આપેલાં વચન ધ્યાનથી સાંભળજો, વિચારજો અને કોઇ પણ સંજોગોમાં પાળજો. બાકી તો અભી બોલા અભી ફોક! અને હા, તમારે રજિસ્ટર્ડ મૅરેજ કરવા હોય તો પણ મને વાંધો નથી. પણ ભવ્ય, ઘોંઘાટભર્યા ને શોબાજીવાળાં લગ્નોથી મને દૂર રાખજો.

‘ફાધર ઑફ ધ બ્રાઇડ, ફિલ્મનો ફાધર એટલે કે સ્ટીવ માર્ટિન મને અત્યારે યાદ આવે છે. એની પત્ની પોતાની દીકરીના ભવ્યાતિભવ્ય લગ્ન કરવા ઇચ્છે છે અને પિતાને એ બધી વ્યવસ્થા કરતાં કરતાં સતત દીકરીનું બાળપણ યાદ આવ્યા કરે છે. બાપ-દીકરીએ લગ્નદિન સુધી જોડે કરેલી વિવિધ પ્રવૃત્તિઓ... નાનકડી દીકરીને નવડાવવી, મોજાં પહેરાવવાં, બૂટની દોરીની ગાંઠ ઉકેલી દેવી, તેની સાથે ડૉક્ટરને ત્યાં જવું, બાસ્કેટબૉલ રમવું - દીકરીના પિતાને સતત યાદ આવે છે ! કોઇ પથ્થરદિલ ઇન્સાનની આંખમાંય આંસુ લાવી દે તેવું સુંદર ફિલ્મીકરણ છે !

એ વખતે મારી આંખ સામે મારે દીકરીઓનાં બાળપણ, યુવાની. અને શાળાજીવનના દિવસો તાજા થઇ રહ્યા હતા. હું મારી જાતે પૂછતી હતી, ‘‘તું દીકરીઓને શી રીતે વિદાય કરી શકીશ ?’’ ખરેખર , આ પ્રશ્નનો જવાબ મારી પાસે નથી. હું તો આજનો દિવસ, અને આ ઘડીને સ્થગિત કરી દેવા માગું છું. બધું જેમ છે તેમ જ રહે, તમે મારી આંખ સામે જ રહો, ને પારકે ઘેર કયારેય ન જાઓ... પણ છતાંય, જે જ્યારે થવાનું છે ત્યારે થશે જ, તો હું હસતાં મોઢે ને રડતી આંખે તમને વિદાય કરીશ.

***- શોભા ડે નો લેખ વિદાયવેળાએ ટુકાંવીને***


શુભેચ્છા સહ.....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

## આજકાલના છોકરાઓ બહેરા થઈ ગયા છે ?

**નિરવ નવીન મૈશેરી** (ડોંબિવલી)

આજકાલના મોટા ભાગના માતા પિતાની ફરિયાદ હોય છે કે છોકરાઓ એમનું સાંભળતા નથી. આવું કેમ? શું આજકાલના છોકરાઓની શ્રવણશક્તિ ઓછી હોય છે? શું આજકાલના છોકરાઓના કાન કામ ઓછા કરે છે એટલે તેઓ માબાપનું કહેલું નથી સાંભળી શકતા?

જવાબ છે હા....આજકાલના છોકરાઓના કાન ઓછા કામ કરે છે પણ એમની આંખો સતેજ હોય છે. આપણે જે વિષયવસ્તુનું પાલન કે અનુકરણ આપણા છોકરાઓ પાસે કરાવવું હોય એ અનુકરણ પહેલા આપણે એમની સામે કરીને બતાવવું જોઈએ. જો મા બાપ આ વાત સમજી જશે તો વહેલા કે મોટા એમની આ 'છોકરાઓ એમનું ના માનતા હોવાની' સમસ્યા આપોઆપ દૂર થઈ જશે. છોકરાઓ સાંભળવા કરતા જે જુએ છે એમાંથી વધુ શીખે છે.

આજે સંબંધોમાં વિનય વિવેક ભૂલાતો જાય છે. મા બાપ છોકરાઓની હાજરીમાં જ બીજા સાથે અવિનય કરતા હોય હોય તો છોકરાઓ પાસેથી તેમના તરફ વિવેક પૂર્વકના વર્તનની આશા કઈ રીતે રાખી શકે ? મા બાપ જ જો નવરા પડતા ટીવી સામે ગોઠવાઈ જતા હોય અને પછી છોકરાઓને ટીવી ન જોવાની સલાહ આપતા હોય તો આજકાલના છોકરાઓ મા બાપને રોકડું પરકાવ્યા વગર રહેશે ?

આવા અનેક ઉદાહરણો આપી શકાય કે જેમાં છોકરાઓની ફરિયાદ કરવા કરતાં મા બાપે પોતે સુધરવાની જરૂર છે.

પણ પૈસામાં જ સુખ અને સુરક્ષા માનનારા આજના જમાનાના લોકોને આ વાત ગળે ઉતરવી તો દૂર પણ એનો અહેસાસ થવો પણ અશક્ય છે.


**CREATIVE CRAFT SPECIAL FOR PAPER QUILLING**
**કાગળને કલાત્મક રીતે વાળીને આકાર આપતા શીખો.**
Basic & Advance Courses • બેઝીક અને એડવાન્સ કોર્સીસ
Vacation & regular Batches • વેકેશન અને રેગ્યુલર બેચેસ
**Indupama Kiran Dand - ઈન્દુપમા કિરણ દંડ**
**98197 13936**



**સીંગાપોર - મલેશીયા - થાઈલેન્ડ ક્રુઝ સાથે/સિવાય**

દુબઈ - અબુધાબી

# ઓસ્ટ્રેલીયા

**All Inclusive Air Fair VISA Rs. 1,29,999/- + 1999 AUD**

**ગોલ્ડકોસ્ટ - મેલબર્ન - કેઈન્સ - સીડની**

પ્રસ્થાન ૧૦ જુન • ૧૧ રાત્રી-૧૨ દિવસ • ભરપુર સાઈટસીન • ઓલ વેજ મીલ
જૈન દેરાસરો • ૩-૪ સ્ટાર હોટલો • એસી સ્વતંત્ર વાહનો જવા-આવવા
+ ઈન્ટરનલ ૩ વિમાન ટિકીટ સહિત કુલ ૫ વિમાન મુસાફરી

**KDO** જ્ઞાતિજન પહેલા ૧૦ માટે **રૂા. ૧૦,૦૦૦/-** ઓછા
પ્રારંભિક ઓફર

ભાવ, સગવડતાઓ અને ઈન્કલુઝન ખાસ સરખાવી જોવા વિનંતી.

**તન મન** ટુર એન્ડ ટ્રાવેલ્સ

**93233 60708**
**2590 3514/15/16**

**www.tanmantour&travels.com • Email : tanmantravels@yahoo.co.in**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સર્વોદય નગરમાં અચલગચ્છ આરાધના ભવનનું લોકાર્પણ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા પ.પૂ.સાધ્વી શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ની પરમ સ્મૃતિમાં સ્થાપિત શ્રી અનંત જિન અચલગચ્છ આરાધના ભવનનું લોકાર્પણ રવિવાર તા.૨૨.૦૧.૨૦૧૫ના પ.પૂ. ગણિવર્ય કવીન્દ્રસાગરજી મ.સા. અને પ.પૂ.યતિવર્ય મોતીસાગરજીની નિશ્રામાં સંપન્ન થયું. આ ભવન મુલુંડ પશ્ચિમના સર્વોદય પાર્શ્વનાથ નગરમાં પાર્શ્વ બિલ્ડીંગ, ડી-૧૦, ફ્લેટ નં ૫/૬ ખાતે આવેલું છે.

આ વિશેષ પ્રસંગ સહભાગી થવા તથા સર્વોદય નગરના શ્રાવક-શ્રાવિકાઓને આરાધના કરાવવા માટે સાનુકૂળતાવાળા અચલગચ્છીય સાધુ સાધ્વીઓ મુલુંડ સવો૭દય નગર ખાતે પધાર્યા હોઈ એકંદરે પ્રસંગે આ સર્વ પુણ્યાત્માઓની નિશ્રા પ્રાપ્ત થઈ હતી. અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી વર્ષીતપના આરાધક ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા., પ.પૂ.પુણ્યોદયાસાગરજી મ.સા., પ.પૂ. કલ્પતરૂસાગરજીમ.સા., પ.પૂચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.નયદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.અનંતયશાશ્રીજી મ.સા., પ.પૂ. વિશ્વાકિર્તીશ્રી મ.સા., પ.પૂ. નયપ્રજ્ઞાશ્રીજી, પ.પૂ.કનકગુણાશ્રીજી મ.સા., પ.પૂ. કિર્તનગુણાશ્રીજી મ.સા., પ.પૂતત્વવાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.અપૂર્વયશાશ્રીજી મ.સા. આદિઠાણા

મુખ્યદાતા માતુશ્રી માનબાઈ લધુબાઈ લોડાયા (મોટી ખાવડી) હસ્તે શ્રીમતી તારાબેન તથા શ્રી પ્રફુલચંદ્ર લધુભાઈ લોડાયા હાલ દારેસલામ (ટાંઝાનીયા).

મુખ્યદાતાના પરિવારે આરાધનાધામના લોકાર્પણ પ્રસંગે ટાંઝાનીયાથી ખાસ પધારી આરાધનાધામનું લોકાર્પણ કર્યુ. તખ્તીનું અનાવરણ દાતા પરિવારે કર્યુ તથા મહારાજ સાહેબને કાંબળી વહોરાવી. આ પ્રસંગે મહાજને દાતા પરિવારનું બહુમાન કર્યું.

## કેડીઓ ડિગ્નીટી કલબના સભ્યોની બંગાળ યાત્રા

કેડીઓ ડિગ્નીટી કલબના ૧૨ સભ્યો તા. ૦૬.૦૨.૧૫ થી બંગાળના ૧૨ દિવસના પ્રવાસ ગયા હતા. ડીઘામાં શીવમંદિર, ચંદ્રેશ્વર બીચ, ઉદેપુર બીચ, સાયન્સ સીટી સેન્ટર, મરીન એક્વેરીયમ, ૩ ડી શો જોયો. જોરાસીક પાર્ક અને સાયન્સ ગાર્ડન, સ્થાનકવાસી સંપ્રદાયનું પાર્શ્વનાથ પદમાવતિ દેવીનું દેરાસર તથા ભક્તામર મંદિરમાં આદેશ્વરદાદાની ઊભી પ્રતિમાની દર્શન કર્યા. લક્ષ્મીનારાયણ મંદિરમાં દાદાવાડીનું શિતલનાથનું દેરાસર, મહાવીર સ્વામિનું દેરાસર, ચંદ્રપ્રભુ સ્વામિનું દેરાસર, ગુરૂમંદિરના દર્શન કર્યા. ત્યાંથી દક્ષિણેશ્વર કાલીમાતાના મંદિર ના દર્શન કરી વિક્ટોરીયા મેમોરીયલ જોયું. મેટ્રોની સફર માણી શોંપીગ કર્યું.

તા. ૯ ના સવારના બોટમાં ગંગાસાગર પહોંચ્યા. કશ્યપમુનિ, ગંગામૈયા તથા સગીરરાજાની મૂર્તિવાળા મંદિરે દર્શન કરી દરિયા કિનારે ફર્યા. બોટમાં પાછા કલકત્તા પહોંચ્યા.

તા.૧૦.૦૨.૧૫ ના સવારના સુંદર બન્સ જવા રવાના ત્યાં ઘુમરી નદીમાં બોટમાં દયાપુર ટાઈગર




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

વ્યુ પોઈન્ટ રીસોર્ટમાં ઉતર્યા. ત્યાં જ્યોતિરામપુર આઈલેન્ડ પર બર્ડ સેન્ચુરી જોઈ પાખીરાલા આઈલેન્ડ, ડોળાંકી આઈલેન્ડ જોઈ સાંજના ત્યાંના વિલેજની મુલાકાત લીધી.

તા.૧૨.૦૨.૧૫ના સાજનખલીમાં હરણ, વાંદરા, પક્ષીઓ, મોનીટર લીઝર્ડ,મગરમચ્છ જોયા.

તા.૧૩.૦૨.૧૫ના સવારના ટ્રેન દ્વારા મુર્શિદાબાદ જઈ ત્યાં અઝમાનાશર બાનુની સમાધિ, શામળા પાર્શ્વનાથનું દેરાસર તથા જગતસિંઘનું મ્યુઝીયમ મહિમાપુરમાં જોયું. કાઠગોલા ગાર્ડનમાં આદેશ્વરદાદાનું મંદિર, દાદાવાડીમ્યુઝીયમ, ગુલાબના ફુલોનું ગાર્ડન જોયું. હજારદુરાઈ પેલેસ, ઈમામવાડા જોઈ જીયાગંજમાં સંભવનાથનું દેરાસર, આઝીમગંજમાં ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર, વાસુપૂજ્ય સ્વામિ તથા પાર્શ્વનાથનું દેરાસર, સંભવનાથનું દેરાસર, દાદાવાડીના દર્શન કર્યા. આઝીમગંજમાં બત્રીસ જૈન મંદિર આવેલા છે.

તા.૧૪.૦૨.૧૫ના કલકત્તા જઈ શોંપીગ કરી મુંબઈ તરફ પ્રયાણ.

આગામી પર્યટન પંચગીની મહાબળેશ્વર પૂના સોમવાર તા.૨૩.૦૩.૨૦૧૫ થી શનિવાર ૨૮.૦૩.૨૦૧૫

**સંપર્ક - શ્રી રતિલાલભાઈ - 98331 19470**

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, હૈદ્રાબાદના પદાધિકારીઓ

માજી પ્રમુખ શ્રી મણીકાંત મેઘજી મોમાયાનાં અવસાન પછી ખાલી પડેલા પ્રમુખપદ માટે વ્યવસ્થાપક સમિતિની ૦૯.૦૧.૨૦૧૫ની સભામાં સર્વાનુમતે શ્રી ધનપતિ લાલજી મોતાની અને ઉપ્રમુખ પદે શ્રી ધીરજલાલ તેજશી ધુલ્લાની નિમણુંક કરવામાં આવી. નીચે મુજબ ત્રણ નવા સભ્યોને કો-ઓપ્ટ કરવામાં આવ્યા. ૧. શ્રી હેમાંગ મણીકાંત મોમાયા, ૨. શ્રી હિરેન મુલજી પટેલ (રાજુભાઈ), ૩. શ્રી હંસકુમાર રાયચંદ સાયલા


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies


## શ્રી ક.દ.ઓ.જૈન સમાજ, વડોદરા

વડોદરાના શ્રી ક.દ.ઓ.જૈન સમાજની મહિલાપાંખ શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળે તા.૨૬.૦૧.૧૫ના રોજ રમતગમત હરિફાઈ, વાનગી હરીફાઈ તથા આનંદ બજાર મેળો આયોજીત કરેલ.

રમતગમતની હરીફાઈમાં નીચે મુજબ વિજેતા નીવડ્યા. ગ્રુપ ૩ થી ૫ વર્ષ : પ્રથમ શ્રેયા ધરમશી, દ્વિતીય જાન્હવી ગાલા, ગ્રુપ ૬ થી ૧૦ વર્ષ : પ્રથમ મુક્તિ દંડ, દ્વિતીય ધૈર્ય શાહ, ગ્રુપ ૧૧ થી ૧૫ વર્ષ : પ્રથમ જૈનમ દંડ, દ્વિતીય ધ્રુવી દંડ, ગ્રુપ ૧૫ થી ૨૦ વર્ષ : પ્રથમ સ્મિત દંડ, દ્વિતીય સિધ્ધિ મોમાયા, પ્રથમ અમીષ દંડ, દ્વિતીય ગુણવંતીબેન લોડાયા, પ્રથમ રિધ્ધી લાલકા, દ્વિતીય ભાવનાબેન શાહ, તૃતીય અંજલીબેન ગાલા

૫૦ વર્ષના ઉમંરનામાં : પ્રથમ ભરતભાઈ લોડાયા દ્વિતીય નરેન્દ્રભાઈ મોમાયા, બહેનોમાં પ્રથમ ખમાવંતીબેન નાગડા, દ્વિતીય ઈંદિરાબેન છેડા, કમલ ગેમમાં નરેન્દ્ર મોમાયા અને કુસુમબેન મોમાયા, તૃતીય મનન મોમાયા અને જય નાગડા, ત્રીજા શાંતિલાલ લોડાયા અને દમયંતીબેન લોડાયા, ચોથા ખિરેન્દ્રભાઈ લોડાયા અને ઉષાબેન લોડાયા અને નાના ભુલકાઓમાં ત્રિશા લોડાયા, વીર દંડ, જૈની ગાલા, જીનય મોમાયા વિજેતાઓને ઈનામો અપાયેલ.

મનગમતા ફિલ્મી સિતારા વેશભુષા હરીફાઈ પ્રથમ મુક્તિ દંડ અને અલીયા ભટ્ટ, બીજા ધૈર્ય શાહ, પ્રથમ વિધિ ધરમશી, બીજા સિધ્ધિ મોમાયા, પ્રથમ હેતલ શાહ, બીજા ઉષાબેન લોડાયા.

વાનગી હરીફાઈ ગોળ પાપડી (સુખડી) હરીફાઈમાં પ્રથમ રૂપલબેન લોડાયા, બીજા ગુણવંતીબેન લોડાયા, ત્રીજા ડીમ્પલબેન દંડને માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા, રૂપમ જયંત પટેલ, ઉદીત ભાવેશ લોડાયા અને એક સદગૃહસ્થ તરફથી ઈનામ આપવામાં આવેલ.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને ઝીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા,બોર્ડરો,પાનેતર,બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

## શ્રી મહિલા હિતવર્ધક મંડળ હુબલી
### Effective Parentings Work Shop

શ્રી મહિલા હિતવર્ધક મંડળ દ્વારા તા.૨૦.૦૯.૨૦૧૪ના માયફેર ઓડીટોરીયમ મધ્યે સૌ. ડૉ. મધુબાલા મણીકાંત લોડાયા દ્વારા આયોજીત Effective Parentings's Work Shopનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમના બાળકો જન્મથી લઈને ૧૦ વર્ષના હતા, તે માતાઓએ આ ટ્રેનીંગમાં ભાગ લીધેલ.

Development Task ઉમર વધતાની સાથે બાળકોની પ્રગતિ અને એના કરવાના કાર્યો, બાળકોની બુધ્ધિ પ્રતિભા વિકસવાની પ્રક્રિયા, ઉમરના દરેક તબક્કામાં બાળકનો યોગ્ય વાતાવરણમાં ઉછેર બાબતમાં જાણકારી આપવામાં આવેલ હતી. Overall પર્સનાલીટી Development એટલે કે ''બહુમુખીપ્રતીભા'' માતાપિતાએ પોતાના બાળકોને ચાવીરૂપી ભૂમિકા કેમ બજાવવાની જાણકારી સુધ્ધાં તેઓએ આપેલ હતી. શિસ્ત નીતીમુલ્ય, આત્મવિશ્વાસ આ વિવિધ વિષયો ઉપર દરેક માતાએ પોતાનો અભિપ્રાય આપેલ હતો. માતાઓને પોતાના બાળકો માટે સારી આદતો અને સારા સંસ્કાર કેમ ખીલવવા એ જાણકારીનો અમુલ્ય ખજાનો ડૉ.મધુ લોડાયાએ આપેલ હતો.

આભારવિધી સૌ. દિપીકા કમલેશ ખોના પ્રેસીડેંન્ટ એ કરેલ.સૌ.ચેતના નરેન્દ્ર મોમાયા તરફથી સર્વેને ચાય તથા બીસ્કીટ આપવામાં આવેલ હતા.

૧૦ થી ૨૦ વર્ષના બાળકોના માતાપિતા માટે પણ પ્રૉ.સૌ.મધુબાલા મણીકાંત લોડાયા દ્વારા આયોજીત (Effective Parenting's Work Shop)નું આયોજન માયફેર ઓડીટોરીયમ મધ્યે કરેલ હતું. પાલકોના બે ગ્રુપ પાડવામાં આવેલ હતા. એક ગ્રુપનો વિષય હતો કીશોર તથા કીશોરીઓને આવનાર ચેલેન્જ બીજા ગ્રુપનો વિષય હતો આજના કીશોર કીશોરીઓના પાલકોના ચેલેન્જીસ.

ડૉ. મધુબાલા લોડાયાના માર્ગદર્શન હેઠળ આ બન્ને ગ્રુપએ એકબીજા સાથે ચર્ચા કરી હતી. અને ત્યારબાદ માતાપિતાઓએ બાળકો માટેના પોતાના સપનાઓ તેમજ બાળકોના પોતાના સપનાઓ એકજ છે કે ? તેમાં ફરક છે ? તે જોવા માટે પ્રોત્સાહિત કરેલ હતું. સપનાઓની સાથે તેમની પોતાના મૂલ્યો તેમજ Double Standard ઉપર નજર રાખવાની સમજ કેળવી હતી. ત્યારબાદ બાળકોને આત્મવિશ્વાસ, સફળતા, સમતોલતા, જીવનનું ઉચું ધોરણ તેમજ ભાવનાત્મક સ્થીરતા પાલકોએ પોતાના બાળકોમા લાવવા માટેનું યોગદાન. કીશોર વયના બાળકો સાથે અર્થપુર્ણ સંબંધ રાખવા માટે પાલકોને પોતાના બાળકોની વાત સાંભળવાનું ધૈર્ય, સાચું બોલવાની હિમંત તેમજ બાળકોની છુપી જરૂરિયાતો જાણવાની સમજ જરૂરી છે.

## શ્રી કચ્છ કોટડી મહાદેવ પુરી

ગોધરાગામના ધ્રોળ પરિવારનાં શ્રી સચ્ચામાતાજી અને શ્રી વાચ્છરાદાદાજીની દસમી સમુહ પહેડી વૈશાખ સુદ આઠમ તા.૨૬.૦૪.૧૫ રવિવારનાં ભાંડુપ અનંતસિધ્ધી એ.સી.હોલમાં બપોરનાં ૩ થી ૯ સુધી છે. ધ્રોળ પરિવારની નિયાણી બહેનો અને ધ્રોળ પરિવારનાં સભ્યો સાથે મળીને પહેડીનો લાભ લીધેલ છે. ધ્રોળ પરિવારનાં સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહપરિવાર સાથે પધારવા આમંત્રણ છે.

**સંપર્ક : મનોજ દિપક ધ્રોળ - 9820962619**

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સંકેત નવીનચંદ્ર ખોના** | ૩૦૨, શ્યામલ પ્રાઈડ, ૩ જે માળે, આઈસ ફેક્ટરી એરીયા, કલ્પના સિનેમાની નજીક, આણંદ - ૩૮૮ ૦૦૧ |
| **તરૂણ એસ. લોડાયા** | એલ-૨, સેલ્સ ટેક્સ કોલોની, કાચના રોડ, ખમાર્દીહ રોડ, શંકર નગર, રાયપુર, છત્તીસગઢ - ૪૯૨ ૦૦૭ |
| **કાંતા બી. શિયાળ અને જિતલ એચ. છેડા** | ૮૦૧, બાલગણેશ ટાવર કો.ઓપ.હા.સો.લિ., દાદા પાટીલ વાડી, થાણા (પ) ૪૦૦ ૬૦૨ |
| **કિશોર હીરજી છેડા** | ૧, ગ્રાઉન્ડ ફ્લોર, મથુરેશ નગર, શારોન સ્કુલની સામે, બી.પી.ક્રોસ રોડ નં.૧, ઓફ દેવીદયાલ રોડ, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **ભારતી જૈન** | ૧૮૦૧-સી વિંગ, ૧૮મે માળે, જુનીપર, સાલારપુર ગ્રીનએજ, બોમનહલ્લી, હોસુર મૈન રોડ, બેંગલોર - ૫૬૦ ૦૬૮ |
| **એલ.જે. મોતા** | વી/૨૦૨, સમૃધ્ધિ રેસીડેન્સી, અસલાલી રોડ, આકૃતિ ટાઉનશીપની નજીક, નરોલ, અમદાવાદ - ૩૮૨ ૪૦૫ |
| **હંસરાજ ધરમશી મોતા** | હાઉસ નં ૧૬૫, ગીરી નગર, ગોકુલ રોડ, હુબલી - ૫૮૦ ૦૩૦ |
| **સૂર્યકાંત એમ. શાહ** | રૂમ નં ૧૭૮૫/૨૯, અંદાનુર, ૮ મૈન, ૧૪ ક્રોસ, પીસાલે તોથા, દાવણગીરી - ૫૭૭ ૦૦૪ |
| **ધીરેન નવીનચંદ મૈશેરી** | ૨૩, ચાણકય પાર્ક સોસાયટી, સબ-રજીસ્ટ્રેશનની પાછળ અકોટા, વડોદરા - ૩૯૦ ૦૨૦ |
| **ચંદ્રકાંત મેઘજી મોમાયા** | પ્રથમેશ વ્યુ રેસીડેન્સી, બી-વિંગ, ફ્લેટ નં ૧૯૦૪, ૧૯ મે માળે, વિલેજ રોડ, નાહુર (પ), મુંબઈ - ૪૦૦ ૦૭૮ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **સંકેત નવીનચંદ્ર ખોના** | **09879514061** | **નવીનચંદ્ર ખોના** | **09726735761** |
| **તરૂણ એસ લોડાયા** | **09893313558** | **પ્રેમચંદ મોમાયા** | **08758724340** |
| **કિશોર છેડા** | **022-25687546** | **ભારતી જૈન** | **09741015297** |
| **હીમાંશુ ધરમશી મોતા** | **09886103139/09342638940** | **ચંદ્રકાંત મોમાયા** | **09920788566** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૨.૧૫ | જલગામ | હર્ષ શીલ્પા નરેશ ખેતશી પોલડીયા | ગોએરસમા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૧.૧૪ | સેંધવા | પ્રકાશ ગુલાબચંદ ડુંગરશી ખોના | નલીયા | ૨૬ |
| | હુબલી | ખુશ્બુ ચંદ્રકાંત જીવરાજ લોડાયા | રાપર | ૨૬ |
| ૨૮.૦૧.૧૫ | રાયપૂર | વિવેક હંસકુમાર લોડાયા | - | ૨૫ |
| | કોચીન | હિરલ જવેરચંદ મુલજી ગોસર | બારોઈ | ૨૫ |
| ૩૧.૦૧.૧૫ | અમદાવાદ | સંજય સુરેશ નરશી સોની | સુથરી | ૨૬ |
| | જલગામ | મીરલ પવનકુમાર જવેરચંદ મોમાયા | બારોઈ | ૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | | **સગપણ** | | |
| ૦૩.૦૨.૧૫ | વડોદરા | પ્રતિક વર્ધમાન કલ્યાણજી લોડાયા | તેરા | ૨૯ |
| | વડોદરા | જિમ્મી રતીલાલ પદમશી પાનપરીયા | નાગ્રેચા | ૨૮ |
| | | **આંતર જ્ઞાતીય સગપણ** | | |
| ૧૧.૦૨.૧૫ | વડોદરા | દીપેન વર્ધમાન લોડાયા | તેરા | ૨૬ |
| | વડોદરા | નેહા સુરેશભાઈ કનૈયાલાલ શાહ | ખંભાત | ૨૫ |
| | | **સગપણ છુટા થયા** | | |
| ૧૬.૦૨.૧૫ | કાંદિવલી | સુશીલ દિનેશચંદ્ર ધનજી ડાઘા | દલતુંગી | ૩૧ |
| | પુના | દિપ્તી દામજી કુંવરજી લાલકા | બાંઢીયા | ૨૯ |
| | | **લગ્ન** | | |
| ૨૯.૦૧.૧૫ | ભાડુંપ | મુકુંદ ચીમનલાલ દેવજી નાગડા | રાપરગઢવારી | ૨૬ |
| | ડોંબિવલી | પ્રિયા લક્ષ્મીચંદ સોમચંદ લોડાયા(ભુલ સુધાર) | મોટી સિંધોડી | ૨૪ |
| ૦૧.૦૨.૧૫ | સેંધવા | પ્રકાશ ગુલાબચંદ ડુંગરશી ખોના | નલીયા | ૨૬ |
| | હુબલી | ખુશ્બુ ચંદ્રકાંત જીવરાજ લોડાયા | રાપર | ૨૬ |
| | | **આંતરજ્ઞાતીય લગ્ન** | | |
| ૨૮.૧૧.૧૪ | મુલુંડ | અંકુર વિજય શાહ (ધરમશી) | સુથરી | ૨૭ |
| | દહીસર | ફાલ્ગુની આશિષ કોઠારી | ધ્રાંગધ્રા | ૨૩ |
| ૨૬.૦૧.૧૫ | માટુંગા | ધવલ રાજેશ ચંદુલાલ શાહ | લીંબડી | ૨૨ |
| | મુલુંડ | આસ્થા ગૌતમ સોમચંદ દંડ | વરાડીયા | ૨૨ |
| - | વડોદરા | જૈમીન હિરાચંદ ધરમશી | જશાપર | ૨૯ |
| | કલકત્તા | પલ્લવી પ્રશાંતકુમાર દાસ | કલકત્તા | ૨૪ |
| - | વડોદરા | કિરણ હિરાચંદ ધરમશી | જશાપર | ૨૬ |
| | વડોદરા | નિમીષા પ્રમોદચંદ્ર પ્રજાપતી | વડોદરા | ૨૬ |
| ૨૯.૦૧.૧૫ | હુબલી | હિમાંશુ હંસરાજ ધરમશી મોતા | સુથરી | ૩૨ |
| | બેલગામ | રાખી સુરેશ બી.પાટીલ | કર્ણાટક | ૩૪ |
| | | **મરણ** | | |
| ૨૨.૦૨.૧૫ | હુબલી | હેમેન્દ્ર માણેકજી કાનજી નાગડા | નલીયા | ૫૮ |
| ૨૬.૦૨.૧૫ | ડોંબિવલી | કીરણ જયેશ દામજી નાગડા | રંગપુર | ૪૪ |

## પરદેશ માટે પ્રકાશ સમીક્ષાનું વાર્ષિક લવાજમ

પોસ્ટ ખાતા તરફથી મળેલ રાહત અંગેની શરતો મુજબ, દર સપ્તાહે દેશભરમાં પ્રકાશ સમીક્ષાની ૭૦૦૦ જેટલી નકલો પોસ્ટ કરતી વખતે વિદેશના ગ્રાહકોને પણ આવરી લઈને અંકો પોસ્ટ કરી શકાય પોસ્ટ ફીનો દર પ્રત્યેક અંક માટે રૂા. ૩૫ થી રૂા. ૪૦ જેટલો હોતાં પરદેશ માટે વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦૦/- (બે હજાર પાંચસો) રાખવાનો નિર્ણય લેવાયેલ છે, તેની નોંધ લેવા વિનંતી.

શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ

# અભિનંદન. અભિનંદન. અભિનંદન



## શ્રી કલ્પેશ માણેકજી મોતા રાપરગઢ - મુંબઈ

આપશ્રી જ્ઞાતિનાં મોભી એવા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મુંબઈ મહાજનનાં પ્રમુખ પદે વરાયાના ખુશ ખબરથી અમો સૌ. ગામવાસીનાં હૈયા આનંદથી ઝુમી ઉઠયા છે.

""*This is our Proud*"

ધર્મ સમાજસેવાનાં કાર્યમાં આપશ્રી આપનાં કાર્યકાળમાં ખુબ ખુબ યશોગામી બનો અને આપણી જ્ઞાતિને નવા કિર્તિમાન શિખરે લઈ જાઓ એવી શ્રી ગોડીયા પાર્શ્વનાથ દાદાને અભ્યર્થના.

**શ્રી રાપર-નાની સિંધોડી જૈન સંઘ**

**શ્રી ગોડીયા પાર્શ્વનાથ સખી મંડળ**

શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ રાપરગઢ વતી ટ્રસ્ટીઓ શ્રી પારસ પદમશી મૈશેરી, વિરચંદ નરશી લોડાયા, હિરાચંદ વિશનજી નાગડા, દામજી લઘુભાઈ લોડાયા

# શ્રી અંબેમાં ધરમશી પરિવાર

સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી.કચ્છ - ૩૭૦ ૪૯૦.

મુંબઈ નગરે શ્રી ધરમશી પરિવારનાં કુળદેવી શ્રી અંબેમાઁની સત્તરમી પહેડી પ્રસાદ નિમિત્તે

# ભાવભર્યુ આમંત્રણ

શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના કુટુંબીજનો તથા સ્નેહીઓ,

સહર્ષ જણાવવાનું કે કુળદેવી શ્રી અંબેમાઁની અસીમ કૃપાથી અને આપ સૌનાં સાથ સહકારથી મુંબઈ નગરે શ્રી માતાજીની ૧૭મી પહેડી પ્રસાદના આયોજન પ્રસંગે આપ સૌને ભાવભર્યુ આમંત્રણ છે.

:શુભ દિવસ:

સંવત ૨૦૭૧ ચૈત્ર સુદ બીજ રવિવાર, તા.૨૨/૦૩/૨૦૧૫

:શુભ સ્થળ:

શ્રી માટુંગા કચ્છી મુર્તીપુજક જૈન શ્વેતાંબર સંઘની શ્રી નારાણજી શામજી મહાજન વાડી, ૪૫૨/૪૫૩, ભાઉદાજી રોડ, મહેશ્વરી ઉધાન, માટુંગા મુંબઈ - ૪૦૦ ૦૧૯

પહેડીના દાતા

**માતુશ્રી પ્રેમાબાઈ રતનશી ધરમશી પરિવાર** (કચ્છ-પરજાઉ) હાલ વિદ્યાવિહાર

**હસ્તે : અ.સૌ.કલ્પનાબેન શાંતીલાલ ધરમશી**

### અન્ય કાર્યક્રમોની રૂપરેખા

- સવારે ૦૮.૦૦કલાકે શ્રી માતાજીની વિશેષ પૂજા અને અર્ચના
- સવારે ૦૯.૦૦કલાકે કુંભ અને દીપક સ્થાપના
- સવારે ૧૦.૦૦ કલાકે શ્રી માતાજીને પહેડી પધારાવવાની
- સવારે ૧૧.૦૦ કલાકે વિવિધ આદેશોની ઉછામણી તથા જાહેરાતો અને રાસ ગરબા
- બપોરે ૦૧.૦૦ કલાકે શ્રી માતાજીની મહાઆરતી
- માતાજી ભક્તિગીતો, રાસગરબા તથા આરતી થાળની સૂરાવલીનો ત્રિવેણી સંગમ કરાવશે.
- ભારતી રાહુલ સાવલા (કચ્છ-બિદડા) અને સાથી કલાકારો

આ પ્રસંગે આપ સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

સર્વ બહેનોને લાલ-લીલો ઘરચોળું અથવા બાંધણી પરીધાન કરીને પધારવા નમ્ર વિનંતી.

**• નિમંત્રક •**

**માતુશ્રી પ્રેમાબાઈ રતનશી ધરમશી પરિવાર**

હસ્તે : અ.સૌ.કલ્પનાબેન શાંતીલાલ ધરમશી

તથા શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના જય અંબે....

**નમ્ર વિનંતીઃ પહેડી પ્રસંગ દરમ્યાન કાળા વસ્ત્રો તેમજ ચામડાની કોઈ પણ વસ્તુ ધારણ કરીને હોલમાં પ્રવેશ કરવો નહી.**

શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમ:
જજી જજી ખીર વધાઈયું

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મોંભઈ માજન જા મોભી.



# શ્રી કલ્પેશ માણેકજી મોતા

રાપરગઢવારી - ઘાટકોપર

શ્રી મોંભઈ માજન શ્રી જા અંઈ ભન્યા અયો પરમુખ, હાણે અંઈ સજી નાતજા અયો મોભી, મોંભઈ મેં નાતજી સેવા જે યજ્ઞ મેં જોડાયા અયો ઈ સોણીને અસાંજે ગામ વારેજી મીણી જી છાતી આનંદથી ભરી આવઈ. અસાં કે અભિમાન આય આંજો અને પાંજે ગામજો. આજ ''તારામા'' જો આત્મા ઘણે જ ખુશ થ્યો હુંધો. જશ જા ''ગડા'' ભરયો એડી ધોવા આંય અસાંજી. શ્રી ગોડીયા પાર્શ્વનાથ દાદા અને પીંગ્લેશ્વર મહાદેવ જા આશિર્વાદ અને અમીધારા આંતે વરસધીંરે, અસી મળે આં ભેરા અયું.

## લી.આંજે રાપરગઢ - નાની સિંધોડી જા ગામ વાસીઓ.

પારસ પદમશી મૈશેરી
ગીરીશ દામજી મૈશેરી
ઉત્તમ ખીમજી મૈશેરી
હીરાચંદ કુંવરજી મૈશેરી
માણેકજી ખીંયરાજ મૈશેરી
ચંદુલાલ દામજી મૈશેરી
પ્રફુલ્લ દામજી મૈશેરી
સોમચંદ લખમશી ધરમશી
ધનજી દેવશીં ધરમશી
આણંદજી પાશ્વીર મોતા
રમેશ મેઘજી મોતા
લીલાવંતી નારાણજી મોતા

દમયંતી રતીલાલ મોતા
કાંતિલાલ હંસરાજ મોતા
તિલક હંસરાજ મોતા
આણંદજી મુલજી મોતા
નરેન્દ્ર ઠાકરશી મોતા
આણંદજી શામજી લોડાયા
ચીમનલાલ દેવજી નાગડા
પ્રફુલ દેવજી નાગડા
સોમચંદ વિસનજી નાગડા
પંકજ હિરજી નાગડા
મણીલાલ પદમશી નાગડા
હીરાચંદ વિશનજી નાગડા
દિલીપ લક્ષ્મીચંદ નાગડા

દિલીપ ભવાનજી લોડાયા
ઉત્તમ વિશનજી લોડાયા
મહેન્દ્ર નરશી મૈશેરી
પુનસી લધુભાઈ લોડાયા
વિરચંદ નરશિ લોડાયા
દામજી લધુભાઈ લોડાયા
ભવાનજી હરશિ લોડાયા
કુંવરજી હરશી લોડાયા
મિતેશ લક્ષ્મીચંદ લોડાયા
ખુશાલ ધનજી મૈશેરી
ખુશાલ જીવરાજ લોડાયા
વિરચંદ પાશ્વીર મૈશેરી

**બાપુલાલ ગાભભા જાડેજા અને નાથા દરાડ તથા શીવજી દામજી તથા**
**વિપુલ શામજી લોડાયા તથા મણી ગામવારે જા જય જીનેન્દ્ર**

# ભાવાંજલિ



## સૌ. કુસુમ હીરાલાલ ધુલ્લા

**તેરા, મુલુંડ**

**અરિહંતશરણ તા. ૨૫.૦૨.૨૦૧૪**

**તમે દુલર્ભ 'કુસુમ' અમ ઉપવનનું,**
**તમે ખીલેલી વસંત અમ જીવનના**

**અણધાર્યું લીધું અરિહંત શરણ,**
**સદાય અમર રહેશે અમારા મનમાં**

### શ્રદ્ધાસુમન

જીવનસાથી : હીરાલાલ (બાબુભાઈ) ઝવેરચંદ ધુલ્લા

માતુશ્રી : મણીબાઈ વર્ધમાન ખોના (સુજાપુર)

સુપુત્રી : સૌ. જસ્મીલી આદિત્ય ચંદ્રેશ દંડ (લાલા)

ભાભી-ભાઈ : નયના લેરીન ખોના (સુજાપુર)

આત્મીય સ્વજન : તરલા મણીકાંત ધુલ્લા (જખૌ)

વેવાણ : વાસંતીબેન ચંદ્રેશ ભવાનજી દંડ (લાલા)

# ભાવભર્યું અનુમોદના





**શ્રીમતી તારાબેન તથા**
**શ્રી પ્રફુલ્લચંદ્ર લધુભાઇ (લોડાયા) શાહ**
**(મોટી ખાવડી - મુલુંડ) દારેસલામ-ટાંઝાનિયા**

આપે અચલગચ્છીય અનંત આરાધના ધામનાં મુખ્યદાતા થઇ
ધર્મ પ્રવૃત્તિ તેમજ સાધુ, સાધ્વીઓની વૈયાવચ્ચનો
કાયમી પરોક્ષ લાભ લઇ માતુશ્રી મણીબેન અને
પિતાશ્રી લધુભાઇ જીવરાજ લોડાયાનાં
સૂસંસ્કારો ઉજાળ્યા છે.
આ આરાધના ભવનનાં લોકાર્પણ કાજે આપ છેક
ટાંઝાનિયાથી પધાર્યા અને પુજ્ય શ્રીને કામળી વહરાવી.
સૌ સ્વજનો ગૌરવ અનુભવે તેવુ સુકૃત કર્યું છે.
આપનાં આ સુકૃતની અનુમોદના કરતા
અમેપણ ચઢતા ભાવ અનુભવીએ છીએ.
શાસન દેવ આપને આ સુકૃત કરવા સુખ-સમૃદ્ધિ,
આરોગ્યવાળું દીર્ઘાયું આપે એજ અભ્યર્થના.

**અનુમોદક :**

**બહેન-બનેવી : ધનલક્ષ્મી રમેશ પદમશી દંડ**
**(શાહ) ભરોડીયા-ઘાટકોપર**
**ભાઇ-ભાભી : મીનાક્ષી ધીરુભાઇ લધુબાઇ શાહ**
**(લંડન)**
**ભાવિની-જતીન-દિપા તથા સમસ્ત દંડ પરિવાર**



C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## મહિલાદિન વિશેષ : સૌને ભીજવતું અને સ્નેહહુંફ આપતું વાત્સલ્ય ઝરણું માતુશ્રી કાંતાબેન મુલજી લોડાયા





ગામ સાંધવના હાલે દાદરમાં રહેતા માતુશ્રી કાંતાબેન મુલજી લોડાયા એટલે ધર્મમાં જેને પુણ્યવંતોનું વિશેષ લક્ષણ મનાયું છે એ કરુણાભાવનું જીવંત દૃષ્ટાંત !

ભારતીય સંસ્કૃતીમાં આવા કરૂણાભાવ સાથે માતા સહજ વાત્સલ્યભાવનાં સંગમને ખુબ મહત્વ અપાયું છે. ભારતીય સમાજ જીવનમાં 'માંને ખાંસ મહત્વ આપે છે. એ દૃષ્ટિએ અનેકનાં જીવનમાં 'માં બની તેમને નવું જીવન બળ આપનારા માતુશ્રી કાંતાબેનને મહિલાદિને આદરભરી વંદના !

તેઓ ખુબજ સરળ અને સાલસ સ્વભાવનાં છે. તેમણે આગેવાન દાનવીર જીવનસાથે શ્રી મુલજી રાઘવજી લોડાયાને અનેક સુકૃતોમાં સાથ આપવા ઉપરાંત સ્વતંત્રપણે પણ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે આગવું પ્રદાન આપવ્યુ છે. કાંતાબેન વર્ષોથી નાતજાતનાં કોઇપણ ભેદભાવ વગર જરૂરતમંદ કન્યાઓના દાયજા જમણોહાથ જે કરે તે ડાબા હાથને પણ ખબર ન પડે તે રીતે કરતાં આવ્યા છે. અત્યાર સુધીમાં તેમને ૫૦૦થી વધુ જરૂરતમંદ કન્યાઓના દાયજા કર્યા હસે. આ ઉપરાંત બાળકોના વિચાતર અને તેમનાં ઉછેર તથા શિક્ષણ માટે પણ તેમણે ઘણા લોકોનોં મદદ કરી છે. સાધવ ગામમાં ઘરદેરાસરને શિખરબદ્ધ દેરાસર બનાવવાં તેમણે પોતાનાં કુટુંબીઓને પ્રેરણા આપી હતી. તેમની પ્રેરણાથીજ પરિવારે પોતાના આંગણામાં ગામમાં પર્યુષણ ઉજવણીને શરૂઆત કરી. મહાજન શ્રી તરફથી ચાતુર્માસ ઉજવાતા થયા એ પછી ૩-૪ ચાતુર્માસનો લાભ લીધો.

મસ્જિદ બંદરના અનંતનાથ જિનાલયમાં શ્રીઅરનાથ ભગવાનની દેરીનાં તેમજ દેરાસરજીનાં કળશનોં નિર્માણનો લાભ લીધો. મુલુંડનાં જવેરરોડ ખાતે આવેલા વાસુપુજ્ય જિનાલયનાં ઉપાશ્રય સંકુલનાં દાતા થવાનો લાભ તેમના પરિવારે કાંતાબેનનાં પ્રેરણાથી લીધો,

ઘાટકોપર અનંત છાયાનાં દેરાસરમાં તેમની પ્રેરણાથી પરિવારદ્વારા પ્રભુજીનું પારણું તેમજ ૧૪ સ્વપ્નો ભેટ અપાયા છે. કચ્છનાં ધરતીકંપ વખતે પોતાનાં પરિવારની જમીનપર ભુકંપગ્રસ્તોને શેડ બાંધી આશ્રય અપાવવામાં કરૂણામુર્તી કાંતાબેને મહત્વનો ફાળો આપ્યો.

કાશ્મિરાબેન લુઠીયા

## કે.ડી.ઓ. કલાસીક દ્વારા વન્યજીવન ફોટોગ્રાફી અને જ્ઞાતિની નુખો વિશે રસપ્રદ કાર્યક્રમ

કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા રવિવાર તારીખ ૨૨-૨-૨૦૧૫ નાં સોમૈયા કૉલેજ ખાતે વન્યજીવન ફોટોગ્રાફી અને જ્ઞાતિની નુખો વિશે રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કરાડથી આવેલા વન્યજીવન ફોટોગ્રાફર શ્રી. રોહન ભાટે (શાહ)એ પોતાના વન્યપ્રાણીઓની જીવનશૈલી વિશેનાં ફોટોગ્રાફ સંગ્રહમાંથી ઘણી ઉત્તમ સામગ્રી અહીં પ્રસ્તુત કરી હતી.

હેદ્રાબાદથી આવેલી શ્રીમતી. નિશાબેન શાહે જ્ઞાતિની નુખો વિશે રસપ્રદ માહિતી આપી હતી.



સંસ્થાના માનદ સેક્રેટરી શ્રીમતી સરસ્વતી લાપશીયાએ સુંદર વ્યવસ્થા કરી હતી. પ્રેસિડેંન્ટ શ્રી. હિરાચંદ દંડએ સૌને આવકાર આપ્યો હતો. શ્રીમતી મિનલ ખોના અને શ્રીમતી ચંદ્રિકા લોડાયા, શ્રીમતી મનિષા શાહ અને શ્રી. ચેતન મોમાયાએ આયોજનમાં સહયોગ આપ્યો હતો. બન્ને અતિથીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમતી હિના શાહે આભારવિધી કરી હતી.



if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,